અહિંસાનું અલૌકિક બળ.

[હિંસા અહિંસાના નિર્ણય સહિત.]

કોઈએક જિજ્ઞાસુ વનમાંઃ—

ઇન્દ્રવજ્રા.

કેવા રસો ભિન્ન પદાર્થમાં તેં, [1]ચાતુર્ય રાખી નવલા પુર્યા છે!
મીઠા, તુરા, [2]તિક્ત, ખટાશવાળા, તીખા તથા ક્ષાર સ્વભાવવાળા. ૧

પક્ષી તથા રંગ અનેક જોઈ, ત્હારી વિચારે ગતિ [3]ગૂઢ કોઈ;
આકાર જૂદા સ્વર તેમ ન્યારા; છે ક્યાંક સીધા, મધુરા, નઠારા. ૨

આ મોરની મોહક શી કળા છે! મીઠાશ કેવી વળિ શબ્દમાં છે!
શો! વૃષ્ટિમાં નાચ કરે અહાહા! આનંદ શો! ચિત્ત ધરે અહાહા! ૩

આ ઢેલ તો પાછળ ઓશિયાળી! કેવી ફરે [4]ન્યૂન સ્વરૂપવાળી!
જાણે ઘડી અત્ર ઉભા રહીએ, જો સાંભળે તો કંઈકે કહીએ! ૪

તું ઢેલ થકી વિશેષ? રંગે, સ્વરે ઉત્તમ છો હમેશ!
કદી ઉત્તર એ મને શું! પૂછું નહીં કાં પ્રભુજી! તને હું! ૫

[5]માં સ્ત્રી નરથી વધારે, દેખાય આમાં [6]અપવાદ ભારે!
ર! ક્યાં ઢેલ! જુદાઈ કેવી! બીજે નથી જોઈ જુદાઈ એવી! ૬

નહીં તોય સમાનતામાં, આકારમાં [7]દંપતિ રાખવા'તાં;
કર્યો તેં અતિ ફેરફાર! એમાં હશે શો! તુજનો વિચાર? ૭

---

[1] ચતુરાઈ. [2] કડવા. [3] ઉંડી. [4] ઓછા. [5] સુંદરતા. [6] કોઈકજ ઠેકાણે બને તેવું. [7] પત્ની.

જાણું નહીં કારણુ ભેદ કાંઇ, તું સાંભળે એ દ્વિજની ભલાઇ!
મેના અને આ [૮]શુક વૃક્ષ-ડાલે, બેસી નિરાંતે નિજ કાળ ગાળે. ૮

ઉચ્ચાર એના અતિ મિષ્ટ લાગે, આવી મજા કોઇ અભાગિ ત્યાગે!
આ કોકિલે તો હદ વાળિ દીધી! મીઠે સ્વરે વૃત્તિ હરીજ લીધી! ૯

આવું તજી સ્થાન જવું ગમે ના, સંતાપ બીજે મનનો શમે ના;
કેવી ઘટા આમ્ર-તરૂ તણી છે! આ ચિત્ત તારૂં પ્રભુજી! ઋણી છે! ૧૦

[૯]આલ્હાદ ન્યારો ઉપજે વિશેષ, આવો લઇ ના શકશે [૧૦]નરેશ!
શા! નિંબના આ [૧૧]દ્રુમ સેંકડો છે! છાયા તણો ભાગ ઘણો રૂડો છે. ૧૧

સામે તરૂ સુંદર રાયણોના, વિશ્રાન્તિ લ્યે જ્યાં [૧૨]યુથ પક્ષિયોનાં;
સાથે અવાજે થઇ શું રહ્યા છે! અન્યોન્યમાં એ કહિ શું રહ્યા છે! ૧૨

શું એ રમે છે અથવા વઢે છે? શું જાણિયે! શું મુખથી કહે છે!
આમાંય છે ભિન્ન અનેક ભાત, દેખાય ના કેવળ એક જાત. ૧૩

ઉંડાણમાં હું અતિ રાગ દ્વેષ, જોઇ રહ્યો છું, શકમાં ન લેશ;
છે શું અહીં નિર્બલ ને શિકારી! બીજાં વળી રંક અને વિકારી! ૧૪

હાહા, મને એમજ કૈંક ભાસે, નાસી ગયા, જાય, અનેક ત્રાસે!
બેસી રહે છે અનુરાગવાળા, ઉદ્યોગમાં કોઇ રહે રૂપાળા! ૧૫

મન્દાક્રાન્તા.

દેખું હું તો વિવિધ કૃતિના, ક્યાંક માળા મજેના!
તેમાં જોઉં [૧૩]લઘુલઘુ વળી, ઝોળ ગાળા મજેના!
પક્ષીઓ શા ચતુર પણ છે! શી કરે યોજના આ!
કોઇ આવું તરૂવર કદી, શસ્ત્રથી છેદતા ના! ૧૬

---

૮ પોપટ. ૯ આનંદ. ૧૦ રાજા. ૧૧ ઝાડ. ૧૨ ટોળાં. ૧૩ ન્હાના ન્હાના.

પત્રો, ડાળી અગર થડને, ભૂલ કે લોભદ્વારા;
તોડે, ટોંચે, જરૂર જન તે, બાંધશે પાપ ભારા;
વૃક્ષોમાં છે અવર સરખી, લાગણીનો વિભાગ;
વાસો તેમાં જરૂર ગણવો. પક્ષિયોનો સરાગ. ૧૭

આને દે જે મનુજ દુખ તે, દૈત્ય જેવા ગણાય,
લીલા ઝાડો તજિ દઇ દયા, કોઇથી શું કપાય!
જાણો એને નહિ જડ જરા, જીવ એમાં રહે છે;
જૂનાં શાસ્ત્રો સહિત નવલા, શોધકોએ કહે છે. ૧૮

શાર્દૂલવિક્રીડિત.

ચાલ્યો આગળ આમ ઝુંડ વચમાં, [૧૪]‘ફીત્રી’ કથા શું કળું!
જૂદા તેમજ છેક [૧૫]મિશ્ર થયલા, કાને સ્વરો સાંભળું!
શું એની ફરિયાદ છે? અગર તો શું એ વિનોદે વદે!
કે સંગીત તણી સુરાવટ વિષે, શું મોજથી તાન દે! ૧૯

મન્દાક્રાન્તા.

ચાલું છું જ્યાં સણણ કરતી, ગોળિ ત્યાં એક આવી!
તે, ઝુંડોમાં ખુબસુરત બે, પક્ષિનો અંત લાવી!
નીચે જોકે કંઈ તરફડ્યાં, કિન્તુ હા! પ્રાણવાયૂ!
રીસાયો, આ ગમન મુજને, જોડલાનું જણાયું! ૨૦

કેવી એની મનહર હતી! પાંખ, આંખો, ગયાં એ!
શોભા જેની નવ કહિ શકું, ક્યાંક વાસી થયાં તે!
કાપ્યો, ત્રાસ્યો, [૧૬]અધર કરકા, બે પછાડ્યા પગોને;
મારા જેવો અબલપણ શું, દ્યે સજા હિંસકોને! ૨૧

---

[૧૪] ફીત્રી ફીવી પક્ષિયો કરી રહે છે તે સ્વર. [૧૫] સાથે સેળભેળ. [૧૬] હોઠ.

આવો જુસ્સો મમ મન વિષે, જે પળે જાગતો'તો;
પક્ષી પાસે તવ અસુર આ, વેગથી આવતો ' તો;
રાતી આંખો શરિર જબરૂં, હાથ બંદૂક ઝાલી;
પક્ષી બેને ખુશિ થઇ લઇ, જાય જ્યાં સદા ચાલી. ૨૨

બોલ્યો હું ત્યાં હિંમત ધરિને, આમ આ શું કરે છે?
આવાં મુંગાં ગરિબ જિવનાં, પ્રાણ શાને હરે છે?
તારૂં એણે ઉચર મુખથી, એવડું શું બગાડયું?
કયાંથી આવું અશુભ કૃતિનું, પાત્ર શોધી કહાડયું? ૨૩

તું કયાં! એ કયાં! સમજ જરિયે, ના પડે ગુંચવાઉં
તારો એનો અપરિચિતનો, મેળ જોઇ મુંઝાઉં;
છે આ ધંધો અમ ઘર તણો, બાપદાદા અમારા;
આવ્યા છે જે અસલ કરતા, તે ન તોડાય આરા. ૨૪

આવું બોલી તરતજ થયો, દૃષ્ટિથી એ [૧૭] અલોપ;
મ્હારામાંથી પણ તવ ગયો, જે હતો તે પ્રકોપ;
થાઉં રાજા અભયપદ તો, પ્રાણિયોને દઉં હું;
ધારાનો જો અમલ કરૂં તો, શી દુવાઓ લઉં હું! ૨૫

ઓહોહોહો! બુધ નૃપ તણો, બોધ કેવો મજેનો!
ભાસે તેવી સ્તુતિ કદિ કરૂં, અંત આવે ન તેનો!
સાધ્યા પૂરા પરમ મતથી, જે નૃપે બેય લોક;
આવે આજે સ્મરણ મહિં તે, દેવ જેવા [૧૮] અશોક. ૨૬

ક્યાં છે એવો સમય સુખનો? એટલી કયાં દયા છે?
સાચા દાતા સરલ મનના, શુદ્ધ ચાલ્યા ગયા છે!

---

૧૭ ગુમ. (સંસ્કૃતમાં લોપ કહે છે. પ્રાકૃતમાં અલોપ પ્રચલિત છે.) ૧૮ એ નામનો રાજા અતિ દયાળુ હતો.

જો કે આખું અવનિતળ છે, ક્યાંક, કોઇ પ્રભાવી;
જન્મે તોયે પણ બહુ નથી, દેશ હો જે દિપાવી. ૨૭

પોતા કેરી મતલબ તણો, ચાલતો કાળ આ છે;
સારા માઠા જગત્જિવનો, માત્ર જંજાળ આ છે;
સંકલ્પોના વિધવિધ ક્રમનો, માર્ગ જ્યાં કાપતો'તો;
શોભા છાની ખડખડ સ્વરથી, દેવ ત્યાં આપતો'તો. ૨૮

વસન્તતિલકા.

ત્યાં એક સાધુ નિકળ્યો તરઝુંડ છોડી,
હુંયે પડ્યો ચરણમાં કર બેય જોડી;
મુમુક્ષુ:—જિજ્ઞાસુ ઓ ! અતિ [૧૯]સશંક નથી થવાનું,
સંસાર છે અજબ તાંત્રિક કારખાનું. ૨૯

જાણી ગયો તુજ વિચાર પરન્તુ ભાઇ,
આમાં તને અધિક કાં ઉપજે નવાઇ !
ઘેલો બનીશ તદપી નહિ જાય ભ્રાન્તિ,
સાચી રહી મનન, પાળનમાંજ શાન્તિ. ૩૦

એમાં વસે સદુપદેશ તણો સમાસ,
લેનાર છે વિરલ, અન્યમાં પાપવાસ;
એને નહીં ઉપજશે પુણ્ય-બુદ્ધિ ચિત્ત,
એ છે જિવો પર તણું હરનાર વિત્ત. ૩૧

સારોય એકદમ તુચ્છ ન થાય જેમ,
ભૂંડોય એકદમ શ્રેષ્ઠ ન થાય તેમ;
જો કે નથી શ્રમ વૃથા સદ્બોધવાળો,
રોકયો તથાપિ ન રહે [૨૦]અઘનો ઉછાળો. ૩૨

---

૧૯ શંકાવાળું. ૨૦ પાપ.

સંસ્કાર જે સબળ તે અટકે ન એમ,
આવેશ પૂર્વ કૃતિનો મટિ જાય કેમ?
જ્યાં પાપની અવધ આવિ ગઇ હશે જો,
ત્યાં શુદ્ધ બુદ્ધિ જનની ક્ષણમાં થશે તો. ૩૩

આવાં ઉદાહરણ કિન્તુ મળે ન ઝાઝાં,
ઉંચે પથે [૨૧]પતિત લોક વળે ન ઝાઝા;
છે જે અસાધ્ય [૨૨]ગદ તે કદિ શું મટે છે?
હા, કષ્ટસાધ્ય હજિયે ક્રમથી ઘટે છે. ૩૪

મન્દાક્રાન્તા.

જિજ્ઞાસુ:—

મ્હારી શંકા ગુરૂવર તમે, આટલી આ મટાડો;
જ્યથી જામ્યો, વધુ જગતમાં, દુષ્ટનો કેમ ધાડો?
આ સંસારે સદય કમ છે, હિંસકો તો ઘણા છે;
સંખ્યા ઓછી ગુણિયલ તણી, મૂર્ખની ક્યાં મણા છે! ૩૫

કંગાલોની કલકલ સુણી, ચિત્તમાં કંપ થાય;
શ્રીમાનોનો સમુહ નજરે, સાવ ઓછો જણાય;
રોગી ઝાઝા ગદરહિત તો, ભાળિયે કોક ઠામ;
મેં તો દીઠો નહિ નયનથી, કયાંય પૂરો વિરામ. ૩૬

શિખરિણી.

ગમ્યું તે આવું શું? અખિલ જગકર્ત્તા હૃદયમાં;
વધારીને વિઘ્નો, જિવ—જીવન મેલ્યું કલહમાં!
ભલે વત્તું ઓછું, પણ દુખદ છે વાદળ બધે;
અખંડાનંદીની અટકળ કરીએ કઈ હદે? ૩૭

---

૨૧ કુમાર્ગે ઉતરી ગયેલા. વટલેલા. ૨૨ રોગ. દરદ.

શાર્દૂલવિક્રીડિત.

મુમુક્ષુઃ—

પૂર્ણાનંદ સદૈવ માત્ર પ્રભુમાં, વ્યાપી રહ્યો સર્વથા;
બીજે આ રસ હોય! સંભવ નથી, છે બોલવું [૨૩]અન્યથા;
છે શાણો પણ ભીંતની ભુલવણી, જાણી નહીં તે જરા;
શી શંકા ઉપજી તને? અજબ છે! પ્રશ્નો નહીં આ ખરા. ૩૮

જો રાજા બહુ હોય એકજ સ્થળે, તો ભૂપનું માન શું?
શ્રીમંતો અતિ હોય તો ધનિકનું, સાચું રહે ભાન શું?
જ્ઞાની કોકજ થાય, પંડિત, ગુણી, વક્તા અને શોધકો;
થોડા છે તવ [૨૪] દીપ્તિ જાણ, નહિ તો, તેજી રહે ના ટકો! ૩૯

રત્નો તેમ સુવર્ણ ન્યૂન, જન સૌ, તો મૂલ્ય તેનું ગણે;
એના જો ઢગલા મળે, પછિ કહે, શું ધારિયે આપણે?
ટોળાં સજ્જનનાં ફરે, જગજગે, તો રામ કે ધર્મને;
સંભારે કવણ? કોણ ભિન્ન ગણિ લ્યે? ખોટા ખરા કર્મને! ૪૦

આંબો, બાવળ હોય એકસરખા, વા બોરડી, થોરડી;
રાજાના ગૃહની બરાબર બને, કંગાલની ઓરડી!
એ દીપે ક્યમ? મૂર્ખ આમ [૨૫] વિધિને, ક્યારે ઠરાવાય કે?
જો એવું બકિ જાય કોઈ મુખથી, તો મૂર્ખ કહેવાય તે! ૪૧

સિંહો, શ્વાન નથી, નથી બહુ વળી, જ્યાં જેમ ત્યાં તેમ છે;
શી રીતે નર થાય વાનર કહે? શું કાયદો એમ છે?
જો કે મૂર્ખ કદાચ પંડિત બને, દાનો દિવાનો બને;
ભારે ભૂપતિ જાય પાય નમવા, ચાંડાલ જેવા કને! ૪૨

---

૨૩ ફોકટ. ૨૪ શોભા. ૨૫ બ્રહ્મા. પ્રજાપતિ.

જોયા મેં ધનવાન છેક હલકાં, કંગાલ જોયા ધની;
બેસે નીચ, વિભૂતિનાં બળ વડે, પ્રખ્યાત જ્ઞાની બની!
ત્યાગી, આસનભ્રષ્ટ નિરખ્યા, જોવા કહો ક્યાં જશો?
માયા વા કરણી કહે, કંઈ કહે, પત્તો ન એનો કશો! ૪૩

રસ્તો એકજ સત્યનો સરલ છે, બાકી બધે શૂળ છે;
જાવું જંગલમાં [26]સશસ્ત્ર, અમથું, જાવું નહીં, ભૂલ છે!
ઉંડો જો ઉતર્યો વૃથા વમળમાં, તો હાણુ બીજી થશે;
આત્મા સંશયભૂત છેક બનશે, તુંયે તણાઈ જશે! ૪૪

વસન્તતિલકા.

જિજ્ઞાસુઃ—

આ એક સંશય મટ્યો હજિ છે અનેક,
હિંસા તણો પ્રબલ છે, નહિ જાય છેક;
શો! ભક્ષ્ય, ભક્ષક તણો, ખુબિદાર ખેલ!
મ્હારા થકી ન સમજાય લગાર મેળ. ૪૫

શિખરિણી

મરે છે, મારે છે, પણ નહિ ધરે, ઉત્તમ દયા;
અહિંસાનાં તત્ત્વો, અસલ સરખાં, તો નહિ રહ્યાં!
કહીએ તો માને, ક્વચિત્ કુળવાનો મન વડે;
હઠીલા બીજાઓ, સુગમ કહિયે તો પણ લડે! ૪૬

શાર્દૂલવિક્રીડિત.

કેવાં સુંદર પક્ષિયો તરૂપરે, વિશ્રાન્તિ લેતાં હતાં!
ખ્રજા શી કરતાં હતાં અવરને? કે શું કહેતાં હતાં!
શો એનો અપરાધ ત્યાં થઈ ગયો? જાણું નહીં હું જરા;
ગોળીથી જિવ બેય ઘાયલ બની, નીચે પડ્યાં પાધરાં! ૪૭

---

૨૬ હથિયાર સાથે.

પાળી પેટ વિષે મરાય કદિ જો, તોયે ભલે મારજો;
ભૂલીને પણ રાજિ કોઇ સમયે, હિંસા કરી ના થજો;
હિંસામાં અતિ પાપ છે, અધમનું, ખોટું ઘણું કામ એ;
હિંસાનો કરનાર જાય નરકે, લેવું નહીં નામ એ. ૪૮

જેની હાલત જોઇ હાય! ઉચરી, નિશ્વાસ મૂકાય છે;
તેને હિંસક પૂર્વનો સમજવો, હિંસા તણી 'હાય' એ!
લોકો નિર્દય સર્વથા વધિ ગયા, સાચી દયા ક્યાંક છે;
મારે છે પશુ, પક્ષિયો શઠ બની, જાણે ન કે રાંક છે! ૪૯

આડો આંક વળે છતાં નહિ ગણે, દુષ્ટો, બુરું કામ આ;
આખી આ અવની વિષે ફરિ વળ્યાં, હિંસા તણાં ધામ આ!
માંસાહાર, [૨૭]સુરા તણી તલબનો, છેડો નથી આવતો;
[૨૮]જ્ઞાતાવર્ગ મરે મથી શ્રમ કરી, તોયે નથી ફાવતો. ૫૦

માલિની.

સમય અરર! આવ્યો, હાલ કેવો ખરાબ!
મનુજ શિર ન દેખું, કોઇનો કાંઇ દાબ!
સ્થલ નરક તણું શું? છેક ખાલી થયું છે!
લવ નહિ સમજું હું, દૈવનો હેતુ શું છે! ૫૧

અધિક નિડરતાથી, જીવની ઘાત થાય;
પણ ન ભલભલાથી, ઘાતકોને પુછાય!
અરર! ખળ ઘણા છે, પંખિને પિંખનારા;
ત્યમ વળિ પશુઓના, ચામડા ચીરનારા! ૫૨

કઠણ વલણવાળા, પ્રાણિયોને રિબાવે;
વિષમ વિષ દઇ કાં, [૨૯]મૌનનો અંત લાવે!

---

૨૭ દારૂ. ૨૮ સમજુ માણસો. ૨૯ મુંગાં.

હૃદય નિજનું ફાડી, ક્રૂર શો! માર મારે!
જરૂર ચક્કર આવે, જાય જોયું ન ત્યારે! ૫૩

મન્દાક્રાન્તા.

આરો નાંખી મજબુત ઘણી, લોહની લાકડીમાં;
ક્રૂરોને મેં નયન નિરખ્યા, ઘોંચતા ચામડીમાં!
ધારા ચાલે અતિ [૩૦]રૂધિરની, તોય તેને ન છોડે;
એ લોકોનો ચડસ બસ આ, કાં [૩૧]ત્વરાથી ન દોડે! ૫૪

ભુજંગી.

નથી ઢોરનો દેહ પાષાણ કેરો, રહ્યો એ વિષે પ્રાણવાસો અનેરો!
ગણો આપણી લાગણી જે પ્રમાણે, ગણો એ તણી લાગણી તે પ્રમાણે. ૫૫

નથી માત્ર વાચા ગણો દોષ જો એ, નથી એ તણો કિન્તુ એ દૈવનો છે;
કહ્યું મેં ભલે કિન્તુ છું સાવ ખોટો, રહ્યો દૈવનો હેતુ એમાં મહોટો! ૫૬

વસન્તતિલકા.

વાચા વિના ન ફરિયાદ કરી શકે એ,
છે ઢોર તે સબબથી કંઇ કૈં બકે એ!
આવોજ [૩૨]વિગ્રહ પળે પળનો મચે જ્યાં,
યોજેલ કાર્ય સઘળાં થઇ શું શકે ત્યાં! ૫૭

આમેંય સૌ પશુબળે મનુજો ડરે છે,
આધીન થાય ત્યમ સાધન ગોઠવે છે;
બોજો વિશેષ સહનાર સુધીર કેવાં!
દીઠા નહીં જગતમાં જન કોઈ એવાં. ૫૮

ખાવા દિયે અગર એમજ કોઈ રાખે,
તોયે ન શબ્દ મુખથી કદિ કાંઈ ભાખે;

લોહી. ૩૧ એકદમ, ઉતાવળે. જલદી. ૩૨ ઝગડો. કજીઓ.

આ આંખથી રૂદનના કરનાર જોયા,
તોફાનમાં દુખવડે ચડનાર જોયા. ૫૯

પાડે બરાડ અથવા અતિ ભાંભરે એ,
વાચા વિના અવર શુંય કરી શકે એ !
આભારની અસર અંતર થાય એને,
કોઇ હશે અધિક ઓળખનાર તેને. ૬૦

બાકી બધાં મતલબી નિજ અર્થ સાધે,
નાંખે અરે ! તરત ધોંસરિ [૩૩]સ્થૂલ કાંધે !
બીજાં અનેક વિધ બંધન સાંકળીને,
ભારે કરે જુલમ ભાર ઘણો ભરીને. ૬૧

હાંકે, સુપુચ્છ મરડે કરિ રીસ ભારે,
ને, ચાલતા બળદને પણ માર મારે!
દીઠા બનાવ નજરે નથિ કલ્પના આ,
સ્વમા તણી નવ ગણો કદિ જલ્પના આ. ૬૨

એને બધી સમજ છે સુખદુઃખ કેરી,
જાણે દિલે સદય, નિર્દય તેમ વેરી !
હાથી હતો નૃપતિનો બળવાન મ્હોટો,
એ રોટલા [૩૪]સતત, માવત ચોરતો'તો. ૬૩

હાથી બધી રમત આ નજરે નિહાળે,
ચીર્યું શરીર પગમાં લઇને અફાળે!
માયા વડે અવશ અંકુશમાં રહે છે,
શું પ્રેમહીન પ્રતિ કોઇ રસે રમે છે? ૬૪

પક્ષી અને પશુ મહીં બહુ વેર પેખું,
કોઇ સ્થળે ક્વચિત્ હું દ્રગ હેત દેખું;

---

૩૩ જાડી. ૩૪ હંમેશ. રોજ.

એને શિખામણ કદી નથિ લાગવાની,
શું ટેવ સિંહ, વરૂ, વ્યાઘ્ર તણી જવાની! ૬૫

શું કીડિયો [35]અહિ તણો નથિ પ્રાણ લેતી?
આ જાતિ શું સબળને નથિ દુઃખ દેતી?
મારે, મરે, નવ હઠે, ખસિ જાય કોઇ,
કોઇ કલેવર તજે વળિ ખાય કોઈ. ૬૬

શું માછલા નવ ગળે લઘુ માછલાંને?
છોડે નહિંજ મરઘાં ત્યમ જીવડાને!
કોઇ કુટુંબ તણું રક્ષણ આચરે છે,
કોઇ કુટુંબ તણું ભક્ષણ તો કરે છે! ૬૭

શું સંપ લક્ષણ નથી ખળ કાગડામાં?
ઝેરી સ્વભાવ નથિ શું અતિ કૂતરામાં?
છે કોક જ્ઞાતિ પશુ પક્ષિ તણી સુસંપી,
બીજી વિષે કલહ જોઇ જવાય કંપી! ૬૮

અજ્ઞાન પક્ષિ પશુ શું સમજે વિવેક?
એનો સ્વભાવ બદલી ન શકાય છેક;
આવું ઉદાહરણ જે મનુજો લઇને,
દૃષ્ટાન્ત તુચ્છ જિવનું બળતું દઇને. ૬૯

હિંસા તણું [36]પ્રતિપાદન હા! કરે છે,
તે તો ફરી જરૂર ઘાતકમાં ભળે છે;
શું માનવી બનિ શકે પશુ પક્ષિ જેવા?
જો થાય તો મનુજ શા ક્રમથી કહેવા? ૭૦

શું માંસનો ઉદરમાં ટુકડો ઘલાય?
શું જંતુનો ખુશિ થઇ રસ પી જવાય!

૩૫ સર્પ. ૩૬ મંડન. પ્રમાણ આપી નક્કી કરવું તે.

પક્ષી અને પશુ વિષે વિધિ આ ભલે હો,
એ જે કરે ભ્રમણ તે કરવા ભલે દ્યો! ૭૧

ના બોલશો, નથિજ હિંસક સર્વ એમાં,
નિર્વાહ અન્ન, તૃણથી કરનાર તેમાં;
હું ને તમે [૩૭]નિકટ નિત્ય નિહાળનારા,
શું આપણે મુખ ખરૂં નથિ બોલનારા? ૭૨

આ [૩૮]અશ્વ, [૩૯]મેગળ, [૪૦]અજા, [૪૧]સુરભી નિહાળો,
ઘેંટાં અને બલદ, ઉંટ ગરીબ ભાળો;
ભેંસો તથા હરણુ, રોઝ, કબૂતરો આ,
ચારો કરે ક્ષુધિત એ ઘર, ખેતરોમાં. ૭૩

માલિની.

તરણુ, કણુ તણો જે, પ્રાણિ આહાર લે છે,
અતિશય ઉપયોગી, તેજ પ્રાણી બને છે;
[૪૨]વિમળ પય દિયે છે, સર્વને ગાય માતા,
બકરિ [૪૩]મહિષિયો છે, કેટલી [૪૪]શ્રેયદાતા! ૭૪

બલદ [૪૫]હય [૪૬]કરીની, ન્યૂન છે શુંય સેવા?
નથિ મળિ શકવાના, પ્રાણિયો કયાંય એવા!
સરલ બનિ જનો સૌ, સૂક્ષ્મ જોતા નથી આ,
[૪૭]સુભગ કદિ જુએ જે, સત્ત્વ લે તે મથી આ. ૭૫

વસન્તતિલકા.

જે માંસથી સતત પેટભરા જિવો છે,
તેનો કહો જગતમાં ઉપયોગ શો છે?

---

૩૭ પાસે. નજીક. ૩૮ ઘોડો. ૩૯ હાથી. ૪૦ બકરી. ૪૧ ગાય. ૪૨ સ્વચ્છ. ચોકખું. ૪૩ ભેંસો. ૪૪ કલ્યાણને આપનાર. ૪૫ ઘોડા. ૪૬ હાથી. ૪૭ ભાગ્યશાળી.

શું સિંહ, વ્યાઘ્ર, વરૂઓ કમ દુઃખ દે છે!
ભારે ભયાનક તથા વિકરાળ એ છે! ૭૬

શું સર્પ વિંછુ કંઇએ પણ કામના છે!
આ જીવના મુખ વિષે વિષના છરા છે!
જે માંસભક્ષક અને અતિ ઝેરવાળા,
તેના હરી સકલ કર્મ વિશેષ કાળા. ૭૭

ઈન્દ્રવજ્રા.

હિંસા સમું કોઇ નથીજ પાપ, જાણે નહીં હિંસક આ અમાપ;
જે માંસ ખાઈ ૪૮પરિતોષ પામે, તેને શિરે સો યમદંડ જામે. ૭૮

વસન્તતિલકા.

શું એકના જિવન કાજ મરે હજારો!
મ્હારા થકી નહિ જરા સમજાય ધારો!
શું માંસભક્ષક તણો અધિકાર આવો!
કોના વડે? કરિ શકે, કયમ! આમ દાવો. ૭૯

કાં નિત્ય એ ઉદરમાં, પકવી જિવોને?
હોમી દિયે, અહહ! શું કહિયે જડોને!
મારે છરો કર ધરી અથવા મરાવે,
કેવા જનો! દિલ લગાર દયા ન આવે! ૮૦

ઈન્દ્રવજ્રા

ક્યા હિંસકોએ શુભ કામ કીધું? ભાસે મને સ્વાર્થ તણાજ સિન્ધુ!
દેખાવમાં ઠીક હશે કદાચ, છે ગુપ્ત એની અતિ ૪૯દીર્ઘ ચાંચ! ૮૧

થોડું દઇ, લક્ષગણું હરે એ! કલ્યાણ શું કોઇ તણું કરે એ!
વિશ્વાસ એનો કરશો ન કોઈ, મેં તો દયા હિંસકમાં ન જોઈ. ૮૨

૪૮ સંતોષ ૪૯ લાંબી.

જે ખાય માટી પરદેહમાંથી, તેને પ્રભુનો ડર હોય ક્યાંથી ?
માને નહીં જે પુણ્ય, પાપ લેશ, શ્રદ્ધા નહીં કર્મ વિષે વિશેષ. ૮૩

વસન્તતિલકા.

આ જન્મને સફલ જો કરવોજ હોય,
તો સંગ હિંસક તણો કરશો ન કોય;
એથી બુરા રજકણો વળગે જરૂર,
ક્યાં આટલા પ્રથમ લોક હતાય ક્રૂર ? ૮૪

આખાય વિશ્વ મહિં આમજ આજ કાટચો !
જ્યાં ત્યાંય હિંસક તણો નિરખું સપાટો !
શોધો કરે તવ ઘણા જિવને રિબાવે,
પીછાં વિષે તલબ સ્ત્રી મનમાં ધરાવે. ૮૫

યુરોપમાં હદ હવે રહિ ના કશાની.
કેવું જુવો, ફળ મળ્યું ? શકિયે ન માની !
ત્યાંનો નથી પવન આ ગમ ફૂંકતો શું ?
શું છે અહીં દુખદ વાદળ હાલ ઓછું ! ૮૬

રે ! આવડી પ્રથમ ક્યાં હતિ મોંઘવારી ?
જ્યાં ત્યાં ભમે વિકળ, મૂર્ખ તથા વિકારી;
હિંસા અને છલ તણું પરિણામ આ છે,
સાચા અહિંસક કહો, અહિં કેટલા છે ? ૮૭

ઇંદ્રવજ્રા.

જ્યારે હતા દેશ વિષે દયાળુ, જ્યારે હતું મંડળ સ્નેહવાળું;
જ્યારે હતો ધર્મ તણો પ્રભાવ, ત્યારેય આવા ન હતા ઉકાવ ! ૮૮

ચાલી હવે ફોકટ તાણ ખેંચ, સ્નેહી, સગાંમાં પણ દાવ પેચ !
ખોટું વધ્યું, સત્ય ઘટી ગયું છે, સીધું હતું તેય ઉલટું થયું છે ! ૮૯

ઢોંગો વધ્યા ધર્મ તણા [૫૦]અમોઘ, એમાંય વાધ્યો અતિ પાપ [૫૧]ઓઘ;
દેવી કિંવા દેવ તણું [૫૨]નિમિત્ત, આપી, ધરે માંસ, [૫૩]સુરા સહિત ! ૯૦

એ ખાય શું! ખાય તમામ જાતે! અજ્ઞાન કેવું જનનું ન આ તે!
શી માન્યતાથી મરિ જાય પ્રાણી! તે ના વિચારે કદિ મૂર્ખ હાણી! ૯૧

જે દુષ્ટ લોકો નિકળે શિકારે, તે તો વળી એમજ શસ્ત્ર મારે!
એમાં દયાનો નહિ જોઉં છાંટો, એનો નકામો નહિ જાય આંટો! ૯૨

એ નિર્દયોને ઉપજે ખુશાલી, રાજી થશે એ ઢગલા નિહાળી!
શું આ બધાંએ ઉપયોગના છે? કે આ જનોને ઉપભોગનાં છે? ૯૩

આ લોક તો પ્રાણ વૃથા હરે છે, શો! પાપનો સંગ્રહ એ કરે છે!
અભ્યાસ માટે જડ વસ્તુઓ છે, પાષાણના ક્યાં કમતી થરો છે? ૯૪

વસન્તતિલકા.

શું ચિત્રકાર તણું ચિત્ર ચિરી નખાય?
શું શિલ્પકાર તણિ ખંડિત મૂર્તિ થાય?
શું એઉનું હૃદય આથિ નહીં દુખાય?
આ રીતથી કૃતિ તણો [૫૪]લય શું કરાય? ૯૫

આ વિશ્વ તેમ પ્રભુની જબરી કળા છે!
જેમાં પ્રમાણ સહ સુંદર [૫૫]શૃંખલા છે!
તેનો વિનાશ કયમ આમ કરી શકાય?
આ માણસો અધિક ઘાતકમાં ગણાય. ૯૬

માલિની.

અતિશય અપરાધી, વિશ્વના તાતના એ!
મનુજ નહિ કહેવા, ક્રૂરની જાતના એ!
[૫૬]અનુગ્રહ પ્રભુ કેરો, એ નથી જાણવાના,
જરૂર નરકવાસી, પાપથી એ થવાના. ૯૭

---

૫૦ પાર વગરના. ૫૧ ઢગલો. ૫૨ બહાનું. ૫૩ દારૂ. ૫૪ નાશ. ૫૫ વ્યવસ્થા બંધારણ સાંકળ. ૫૬ ઉપકાર.

શાર્દૂલવિક્રીડિત.

પાડાનો વધ કાં કરે ખડ્ગથી? રૂડા દશેરા મહીં!
ધારે છે જડ વસ્તુ શું મહિષને? ચૈતન્ય શું છે નહીં!
ઘા એને નથિ ખુંચતા? નથિ જતી? લોહી તણી ધાર શું!
શી આ બુદ્ધિ ફરી ગઈ જન તણી? શીખ્યા વહેવાર શું! ૯૮

આપે છે બલિદાન [57]મૂક જિવનું, એ શુંય સામર્થ્ય છે?
રાંગીરાંડ કરી શકે, પુરૂષની, ડંફાસ આ વ્યર્થ છે!
સિંહો કે વરૂ, વ્યાઘ્ર શું નથિ વને? કાં કાન બે ઝાલિને,
છેટેથી નથિ લાવતા બલિ દિને! કાં જાય ના ચાલિને! ૯૯

ઇંદ્રવજ્રા.

આને કહેવાં બલિદાન શાથી? શોધ્યા કહો કયા શુભ શાસ્ત્રમાંથી?
એનો કહોની અપરાધ શો છે? એ આપણા [58]સદૃશ પ્રાણિયો છે! ૧૦૦

છોને રમે, ખાય સ્વતંત્રતાથી, શો લાભ એને પણ મારવાથી?
એ તો બિચારાં અતિ કામના છે, એના વડે આપણિ નામના છે. ૧૦૧

એના વડે અન્ન વિશેષ પાકે, એના વિના ગોરસ કોણ ચાખે!
કોઇ નથી જીવ નિરૂપયોગી, જાણે ન સાચું પણ મૂર્ખ, ઢોંગી! ૧૦૨

ખૂબી બધી [59]યોજકમાં રહી છે, શાસ્ત્રો વિષે સ્પષ્ટ કથા કહી છે;
જે [60]તંત્રને માન દઈ ભમે છે, તે સ્વાર્થમાં જ્ઞાન વિના રમે છે. ૧૦૩

આમાં રહે છે અતિ રાગ, દ્વેષ, એના ફળો છે કડવા હમેશ;
એની કદી [61]ઉર્ધ્વ કળા ન થાય, એથી ખરી શાન્તિ નહીં પમાય. ૧૦૪

જન્મે, મરે, નીચ કુટુમ્બમાં એ, એના સમી શી વધતી [62]વ્યથા છે?
મોંઘો ગણી જન્મ મનુષ્ય કેરો, સુજ્ઞો કરે સાર્થક કોઇ ફેરો. ૧૦૫

---

૫૭ મુંગાં. ૫૮ બરાબર. સરખી લાગણીવાળા. ૫૯ વ્યવસ્થા કરનાર. ૬૦ તાંત્રિક માર્ગ. ૬૧ ઉંચી. ૬૨ દુઃખ. ગ્લાનિ. ઇજા.

સ્રગ્ધરા.

મુમુક્ષુઃ—

મારે તારા વિચારો હૃદયગત સુણી, જાણવા'તા [63]**સમગ્ર;**
તારામાં છે [64]પ્રભાવી, પરમ રજકણો, છો દયામાં તું [65]**અગ્ર;**
તારા માતા, પિતાએ, અવનિતળ વિષે, છો તને જન્મ આપ્યો;
હિંસાનો મેં નિહાળ્યો, વિવિધ તુજ વિષે, આજ ઉંડો બળાપો. ૧૦૬

તોયે આમાં હજી છે, અવર સમજવા યોગ્ય નાના પ્રકારો;
સંવાદે વા વિવાદે, જરૂર સુધરશે, જ્ઞાનનો ભાગ તારો;
સાચો છે તું તથાપી, ગણુ ન સમયનો, ભાઇ! તું વ્યર્થ ભોગ;
થોડું છે, સાંભળી લે, સફલ કર હવાં, આ અનાયાસ યોગ. ૧૦૭

શાર્દૂલવિક્રીડિત.

સોએ છે ત્રણ ભાગ, માંસ, મદિરા ખાતા પિતા જે નથી;
સત્તાણું પણ બાધ તેમ ગણતા, એનો જરાએ નથી;
કોઈ છો ઉપદેશથી અગર તો, બીજાં કશાં કારણે;
માંસાહાર નહીં કરે, ત્યમ સુરા, લાવે નહીં બારણે! ૧૦૮

આવાં અલ્પ, વિશેષ કયાંક મળતાં, ખાવો ભુલાવો નહીં;
એ લોકો શિર આપણો પણ કશો, આમેંય દાવો નહીં;
સાચા છે ધનવાન તેમ સુજનો, સોએ ટકા એટલા;
જો કે કયાંકજ ન્યૂન છે, અધિક છે, થોડા તથાપી ભલા. ૧૦૯

આખું વિશ્વ સદૈવ સ્વાર્થમય છે, સીધા કદાપી મળે;
જાણી લે અપવાદરૂપ મન તું, એને ખુશીથી ભલે;
હિંસા જે કરતા નથી, પ્રભુ થકી, ચાલે ડરી જે જનો;
એવાંને કરવા ઘટે [66]પ્રણય ને, સત્કારથી વંદનો. ૧૧૦

જોને, ઇશ્વર એક, સૂર્ય, [67]શશિ છે, એકેક બે બે નહીં;
ઉંચાનું યુથ કયાંય ના મળિ શકે, ના ઘાટ એવો કહીં;

---

૬૩ તમામ. સઘળા. ૬૪ ગૌરવવાળા. વજનવાળા. ૬૫ આગળ પડતો. ૬૬ પ્રેમ. પ્રીતિ.
૬૭ ચન્દ્ર.

પામ્યા આ અવતાર કર્મબલથી, સાફલ્ય તેનું કરો;
માની લ્યો ઉપકાર વિશ્વપતિનો, રસ્તો તજો ના ખરો. ૧૧૧

લક્ષ્મીની પરવા નથી, વિભવની, ઇચ્છા લગારે નથી;
હિંસાનો ભય એ રમા, વિભવ એ, જોયું બધું મેં મથી;
બન્ને આપણુ ભાગ્યવંત છઇએ, હિંસા, અહિંસા તણું;
લીધું જ્ઞાન, સદા અહિંસક બન્યા, એ લાભ મ્હોટો ગણું. ૧૧૨

હિંસાનો કરનાર ઉચ્ચ ભુવને, આનંદમાં છો વસે;
છોને [૬૮] સ્વાદુ જમે, રમે રસભર્યો, છોને [૬૯] વિહારે હસે!
ખૂટયું જ્યાં પુણ્ય કે પછી થઇ રહ્યું, હિંસા બુરી સર્વથી;
અંતે તે નરકે અવશ્ય પડશે, સન્દેહ એમાં નથી. ૧૧૩

કંગાલો ઉદરાર્થ હિંસક બને, દુર્ભાગ્ય એ, એ તણું;
પાપોના થર ભોગવે અધમ એ, છે કષ્ટ એનું ઘણું;
કોઇ પૂર્વ તણા જરા પુણ્ય વડે, માણે ભલે વૈભવો;
એમાં હિંસક જો બન્યો અધિક તો, તે જન્મ લેશે નવો. ૧૧૪

આવા જન્મ વિષે પછી ફળ મળે, તેને મહા પાપનું;
થોડું એ પુણ્ય, પાપ કારણ બને, કાં [૭૦] તોષ કાં તાપનું;
પક્કો સંયમ રાખવો કઠણ છે, એમાં કસોટી રહી;
એવા તો વિરલા મળે જગતમાં, સંખ્યા વધારે નહીં. ૧૧૫

દૈવી જ્યાં ધન હોય તેજ [૭૧] ગૃહમાં, સત્કર્મ સૌ થાય છે;
જેને ત્યાં ધન આસુરી પણ હશે, તે પાપમાં જાય છે;
પોતાના સુખ કાજ પીડ પરને, પેદા કરે પાપ તે;
ત્યાગી સ્વાર્થ, પરાર્થ કાર્ય કરવું, છે પુન્યનું માપ એ. ૧૧૬

બીજાની વહુ, દીકરી ત્યમ રમા, જેનેય અગ્રાહ્ય છે;
તેવાને પ્રતિજન્મમાં પ્રભુ તણી, સાચે મને સાહ્ય છે;

૬૮ સ્વાદવાળું. ૬૯ વિલાસમાં. ૭૦ સંતોષ. ૭૧ ઘર.

માને ઇશ્વરને નહીં, નવ ગણે, પાછા પુનઃ જન્મને;
એ લોકો નહિ માનવી પણ પશૂ, એવું કદી શું બને! ૧૧૭
છે છે ઇશ્વર, પાપ તેમ પુણ્ય છે, નીચાણ, ઉંચાણ છે;
સાચા અલ્પ, ખળો પરન્તુ બહુ છે, ક્યાં લાભ ક્યાં હાણ છે;
સાચું છે [૭૨]તુલસીતણું વચન આ, છે પાપ તો ગર્વમાં;
જેનામાં નથિ ગર્વ જે [૭૩]સદય છે, તે ઉચ્ચ છે સર્વમાં. ૧૧૮

વસન્તતિલકા.

જે છે દયાઘન, મહાન્ સદૈવ જાતે,
તેને ગમે [૭૪]અદયતા, કયમ? કોઈ વાતે!
લોકોય સ્વાર્થ વસ થૈ ગુણ, જ્ઞાન ત્યાગી,
વર્તે સદા ભય તજી અવળા અભાગી! ૧૧૯

જો કે રહી અધિક, ન્યૂન, બધેય હિંસા,
ત્યાગી વિષે અધિક હોય, હશે અહિંસા;
કોઇ તણો પરમ ત્યાગ જણાય આંખે,
તે સાચવી [૭૫]વિશદ્ તત્ત્વ વિશેષ રાખે. ૧૨૦

હિંસા વિના જીવન વિશ્વ તણું ટકે ના,
થોડા, ઘણા સકલ દોષિત નિત્ય તેના;
મેં સૂક્ષ્મ સર્વ અવલોકન આ કર્યું છે,
હિંસા વડે જગત્ આ સઘળું ભર્યું છે. ૧૨૧

ઇંદ્રવજ્ર.

હિંસા રહી છે અતિ, રાંધવામાં, હિંસા રહી શાક સમારવામાં;
હિંસા રહી છે રજ વાળવામાં, હિંસા રહી છે કણ ખાંડવામાં. ૧૨૨

હિંસા રહી છે ત્યસ પાણિયારે, માંજ્યા બધાં વાસણ, થાય ત્યારે;
છે કામ સ્ત્રીનુંય ઘણું કરી આ, શાણી કરે સાવધતા ધરી આ. ૧૨૩

૭૨ તુલસીદાસજી. ૭૩ દયાળુ. ૭૪ નિર્દયતા. ૭૫ નિર્મળ.

ઓરે નહીં અન્ન, કરે તપાસ, જીવો તણો જેમ ન થાય નાશ;
જોયા મસાલા બહુ જંતુવાળા, ન્હાની ભુકીમાં પણ જિવજાળાં. ૧૨૪

ગાંધી તણો ઠીક ગણું ન ધંધો, કંદોઇ તો એમજ સાવ અંધો;
ચક્કી ફરે, ઘાણિ ફરે ઘણીએ, હિંસાતણા સ્થાનક આ ગણીએ. ૧૨૫

યંત્રો વિષે પાપ ઘણું રહ્યું છે, કારીગરોની કૃતિમાંય શું છે!
છે પાપ તો ખેતર ખેડવામાં, ને મૂળથી છોડ ઉખેડવામાં. ૧૨૬

આના વિના છે અતિ સૂક્ષ્મ હિંસા, પ્રત્યક્ષ એની મળિ જાય શિક્ષા;
જે બાળકોનું વય ના તપાસે, લગ્નો કરી અંતરમાં ન ત્રાસે! ૧૨૭

જે સ્થાનકોમાં વિધવા પિડાય, જે સ્થાનકોમાં દરદી રિબાય;
જ્યાં ઓઝલો ને પડદા રખાય, ત્યાં ગુપ્ત હિંસા જનની જણાય. ૧૨૮

વેચાણ જ્યાં પુત્રિ તણું કરાય, માતા પિતાનું અઘ આ ગણાય;
જ્યાં ઘાટ ખોટા ઘટમાં ઘડાય, ત્યાં શાન્તિ કેરૂં સુખ શું સધાય? ૧૨૯

આરોગ્યના જે નિયમો ન જાણે, અજ્ઞાન તે સંકટ ઘેર આણે!
ખોટું અને સત્ય ન જે નિહાળે, હિંસા તણું તે પરિણામ ભાળે. ૧૩૦

શાર્દૂલવિક્રીડિત.

આવાં પાપ અનેક છે રૂઢિ તણાં, પત્તો ન જેનો જડે;
ક્યાંયે જંતુ વિના જરાય મુજને, જગ્યા ન આંખે ચડે;
છે સ્વાભાવિક જે પૃથા કુદરતી, એવો ભલે એ રહે;
એનાથી વધુ કોઇમાં ચતુરતા, શાણા કદી ના કહે. ૧૩૧

એણે જે રચના રચી નિયમથી, તે સ્પષ્ટ બોલાય શું?
જ્યાં સીધું સમજાય ના ગણિત આ, ત્યાં અલ્પથી થાય શું?
મારો છે મત આટલા મથનનો, ઉંડાણમાં ના જવું;
જે છે ઉત્તમ તેજ આગ્રહ ધરી, આરંભવું, પાળવું. ૧૩૨

ઇંદ્રવજ્રા.

જ્યાં પાપનો થાય ઘણો ઉછાળો, દેખાય ત્યાં નેત્ર ત્રિદોષ ચાળો;
[76]ભૂપાળ છે કારણ કાળનું આ, કાં કાળ છે કારણ ભૂપાળનું આ. ૧૩૩

જેવા નૃપો તેમ પ્રજા બને છે, કાર્યો પ્રમાણે ફલ ભોગવે છે;
સત્કર્મ દ્વારા જય મેળવે કાં, દુષ્કર્મ દ્વારા લયમાં ભળે કાં! ૧૩૪

વેચાય છે ન્યાય ધને, વિચાર, સાક્ષી પુરે દ્રવ્ય લઈ ગમાર!
લાંચો લિયે છે અતિ કાર્યભારી, હિંસાવડે લોક બને વિકારી. ૧૩૫

ખોટું વદે તોય ન લાજ આવે, સ્વાર્થાંધ જ્યાં ત્યાં ખળતા બતાવે;
રાજા કરે રક્ષણ જે પ્રજાનું, તેનેજ હું ઉત્તમ ભૂપ માનું. ૧૩૬

બીજા બધા દુષ્ટ, ખળો, લુટારા, એના વિના ભૂપ વિહીન સારા;
શ્રીમન્ત શું સર્વ ભલા ગણે છે? એમાં કસાઇ જબરા વસે છે! ૧૩૭

ભારે લિયે લાભ, લખે અસત્ય, જાણે નહીં ધર્મ તણી અગત્ય;
ભૂપાળ, શ્રીમાન ન પૂર્વ જેવા, છે હાલ ઝાઝા વરૂ હોય તેવા! ૧૩૮

રસ્તો ન દેખું બહુ દેવતાઇ, જ્યાં ત્યાં વધી છે બમણી બુરાઇ;
શું આગલો સ્નેહ જુએ હવે તું? સ્નેહી, સગાંમાં સુખનો ન [77]સેતુ. ૧૩૯

સન્માન ક્યાં લાયક [78]નાયકોનું, માને નહીં વાયક કોઇ કોનું!
ભાગ્યેજ જોઉં [79]દગ ક્યાંક સીધું, મેં તો ફરી સર્વ નિહાળી લીધું. ૧૪૦

જેમાં દયાનાં અણુઓ મળે ના, જે સ્વાર્થમાંથી જરિયે ચળે ના;
તે ભૂપ, શ્રીમાન્ ભલું કરે શું? પાષાણથી કોણ તર્યું? તરે શું? ૧૪૧

આવા ધનાઢયો, નૃપનો વધારો, દેખાય છે હાલ, ન યોગ સારો!
હિંસા વધી, રંક વખાજ આથી, પાપે ભરે પેટ અસંખ્ય આથી. ૧૪૨

જ્યાં ભૂપ લૂંટે, ધનવાન લૂંટે, ત્યાંના ગરીબો નહીં ભાળ ફૂટે?
શો! કેર કાળો હમણાં થયો છે? સંસાર આખો પલટી ગયો છે! ૧૪૩

---

૭૬ રાજા. ૭૭ પૂલ. ૭૮ અગ્રેસર. મુરબ્બીઓ ૭૯ આંખે

રાજા પ્રજા બેઉ તણો વિનાશ, અન્યાયથી થાય સદૈવ ખાસ;
જ્યાં સાધુઓ ત્રાસ બળે હતાશ, થૈ જાય ત્યાં બંધ પડે પ્રકાશ ! ૧૪૪

શાર્દૂલવિક્રીડિત.

સાચું છે બલિદાન મોહ, મદનું, ઇર્ષ્યા, અહંકારનું;
તે સાથે વળિ ક્રોધ, લોભ, છળનું, બીજા દુરાચારનું;
તેને તો તજતા નથી, ગરિબને, મિથ્યા સતાવે, હણે;
શું એને નવ થાય દુઃખ ? બદલો, લેશે ખરે ટાંકણે ! ૧૪૫

ચોખ્ખું [૮૦]દર્પણ આ રહ્યું, પણ જુઓ, ચ્હેરો ન જે આપનો:
ભૂલી તે અવળે પથે જઇ ઉભે, પામે પછી બંધનો !
ઉંચે શું ચડવું ભલા સહજ છે ! એ તે કંઈ રીત છે ?
ઉંચેથી સરવા મહીં શ્રમ નથી, એમાં કઈ જીત છે ! ૧૪૬

હિંસા જો વધતી રહી જગતમાં, કેવી દશા તો થઇ !
તુંયે તે સમજે બધું મન મહીં, પ્રાચીનતા સૌ ગઇ !
ક્યાં છે આગળ જેટલા પરગજુ ? ક્યાં છે દયા આગલી ?
ક્યાં છે ઉત્તમ ગુપ્ત દાન [૮૧]કરનું, માનાર્થ દે છે મળી ! ૧૪૭

રાજા હિંસક હોય ત્યાં પણ પ્રજા, હિંસાવતી થાય છે;
રાજા જો કરૂણાળ હોય તવ તે, એવી બની જાય છે;
છે આધાર ઘણો ખરો નૃપતિનો, ભૂપાળ તેવી પ્રજા;
રાજા કારણ કાળનું સમજવું, એથી ફજા વા મજા. ૧૪૮

પોતાને અનુકૂળ જે થઇ પડે, તેવા રચે કાયદા;
આ ભૂપાળ થકી પ્રજા લઇ શકે, કેવા કહે ફાયદા !
રાજામાં સમદૃષ્ટિનો ગુણ ઘટે, શ્રદ્ધા ઘટે ન્યાયમાં;
રાજાએ તજવી ઘટે ન કદિયે, સચ્ચાર્ઇવાળી ક્ષમા. ૧૪૯

રાજાએ થઇ આંધળા ન ભળવું, અન્યાયના પક્ષમાં;
મહા જે અધિકારિયો મુખ વદે, તે રાખવા લક્ષમાં;

---

૮૦ અરીસો ૮૧ હાથનું.

શું સર્વે અધિકારિયો સરલ છે? વિશ્વાસ આ વ્યર્થ છે;
સત્તાનું બળ ન્યૂન ના ગણિશ તું, એમાં મહા અર્થ છે! ૧૫૦

ઇંદ્રવજ્રા.

ઉંચી અહિંસા સુખરૂપ જાણો, પાળી પળાવી, ઉર હર્ષ આણો;
આથી નથી સુંદર કોઇ ધર્મ, એના વિના સર્વ ક્રિયા અધર્મ. ૧૫૧

કોઇ તણું ચિત્ત દુભાવવું ના, જો ના ગમે તો કદિ ત્યાં જવું ના;
હિંસા તણો સૂક્ષ્મ સુભેદ આ છે, વાંચી જુઓ [૮૨]સાદર, શાસ્ત્રમાં છે. ૧૫૨

હિંસા તજી જો, પુણ્ય તો પમાય, રોકયે પરાઇ, પુણ્ય ત્રેવડાય!
આ કાર્યનું ગૌરવ છે અગમ્ય, સર્વત્ર તેનું પરિણામ [૮૩]રમ્ય. ૧૫૩

શિખરિણી.

અહિંસામાં ઉંચી, ગહન ગુણવાળી [૮૪]સુફળ છે;
અહિંસામાં સાચું, [૮૫]સુર-સમુહનું પૂર્ણ બળ છે;
અહિંસાનો આંબો, મધુર ફલ આપે રસ ભર્યાં;
અહિંસાના લાભો, નહિ મુખ થકી જાય ઉચર્યા. ૧૫૪

શાર્દૂલવિક્રીડિત.

કાચા કાન ન જાણુ ઠીક નૃપના, એથી અનર્થો ઘણા;
થાવાના, હજિ થાય છે, થઇ ગયા, ખાલી ન જોઉં ખુણા!
જે ભોળો, બહુ મોજિલો, અબુધ છે, ભૂપાળ તે નામનો;
એથી રૈયત ના સુખે રહિ શકે, રાજા ન આ કામનો. ૧૫૫

હિંસાનો અતિયોગ જે નૃપ કરે, તે કિન્તુ સારૂં નથી;
રૂચે હિંસકને ભલે, અવરને, આ કામ પ્યારૂં નથી;
જેથી હિંસક વા અહિંસક બધાં, રાજી રહે સર્વથા;
એને ઉત્તમ ભૂપ હું કહિ શકું, છે પૂર્વની આ પૃથા. ૧૫૬

---

૮૨ આદર સહિત. શ્રદ્ધાળુ થઇને. ૮૩ સુંદર. ૮૪ સારી કળ. ૮૫ દેવસભા.

ઇંદ્રવજ્રા.

વિદ્યા વૃથા છે વિખવાદવાળી, વાચા વૃથા છે અપરાધવાળી;
લક્ષ્મી વૃથા છે મદ, મોહવાળી, સત્તા વૃથા છે પરદ્રોહવાળી. ૧૫૭

છે ચાલવામાં [૮૬]અસિ ધાર જેમ, રાજા તણું આસન જાણ એમ!
રાજા તણું સ્થાન તપે જડે છે, વર્તે ન સીધો નરકે પડે તે. ૧૫૮

આ વાયકા ના સમજીશ ખોટી, એમાં રહી છે [૮૭]ફુલપ્રાપ્તિ મ્હોટી;
છે રાજ્યસત્તા તપનો પ્રભાવ, છે ભાગ્યશાળી નૃપનો નિભાવ. ૧૫૯

પૂરો નથી જ્યાં તપનો પ્રયોગ, તે ભોગવી આ શકશે ન ભોગ;
આયુષ્ય ટુંકું થઇ જાય કાં તો, લાંબું ટક્યું જો દુખ થાય ત્યાં તો. ૧૬૦

શિખરિણી.

જિજ્ઞાસુ:—

અહિંસા, હિંસાની, ખબર નહતી આમ મુજને;
તમે તે આપીને, [૮૮]ઉપકૃત કર્યો આજજ મને;
તમે ક્યાં? ને હું ક્યાં? પ્રભુ અનુગ્રહે આ થઇ ગયું;
વળી શંકાવાળું, [૮૯]તિમિર પણ મારૂં વહિ ગયું. ૧૬૧

ગુરૂજી! યાચું હું, વિનતિ [૯૦]શ્રવણોમાં મમ ધરો;
પધારીને પ્રેમે, મુજ ભુવનને પાવન કરો;
મુમુક્ષુ:—ભલે હું આવું છું, રહિશ મમ ઇચ્છા સમ નહીં;
અમે તો શ્રદ્ધાના, [૯૧]ક્ષુધિત છઇએ [૯૨]ભૂતળ મહીં. ૧૬૨

---

૮૬ તલવારની ધાર. ૮૭ સારી વા નરતી. ૮૮ આભારી. ૮૯ અજ્ઞાન. અંધારૂં. ૯૦ કાને. ૯૧ ભૂખ્યા આતુર ૯૨ પૃથ્વી

☞ આ પુસ્તકનો પ્રચાર કરવામાં જે સુજ્ઞ ગૃહસ્થોએ મને પોતાની સહાનુભૂતિ આપી છે તેમનો હું આ સમયે અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

મ્હારા તરફથી હાલમાં જે પુસ્તકો પ્રકટ કરેલાં તૈયાર છે તે નીચે લખેલી કિંમતે મળી શકશે.

આચારદર્શન:—(ત્રિઅંકી નાટક) ... . બાર આના.

કન્યાવિક્રય અથવા માબાપનું મહાપાપ... .... બાર આના.

પુત્રધર્મ:—(નામદાર સરકારે ઇનામ તથા લાઇબ્રેરી માટે મંજુર કરેલું.) ... ... બાર આના.

શ્યામસુંદર:—(દરેક ગૃહસ્થ તથા ગૃહિણીએ મનન કરવા લાયક) .... આઠ આના

પ્રભુ અને હું:—(નિત્યોપાસનામાં રાખવા યોગ્ય) ... પાંચ રૂપિયાની સે

હિન્દીભાષામાં બ્રહ્મચર્યબાવની તથા ગુજરાતી ભાષામાં ભારત શતક ભાગ ૨ જો. હવે પછી તરતજ બહાર પાડવામાં આવશે.

વૈદ્યકવિ દુર્લભ શ્યામ ધ્રુવ.

શ્રી સદુપદેશ સાહિત્ય સંચારક સંસ્થાના સ્થાપક.

બાનોસા, પોષ્ટ દર્યાપુર; વરાડ. Berar